# નિયંત્રણો : રાજ્યમાં નિયંત્રણો વધુ કડક બનાવાયા

## હવે, લગ્ન સહિત સામાજીક, ધાર્મિક અને રાજકીય મેળાવડામાં માત્ર ૧૫૦ વ્યક્તિ સામેલ કરી શકાશે

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં વધતા કોરોનાના કેસને પગલે રાજકીય, સામાજીક અને ધાર્મિક મેળાવડાઓ પર સરકાર દ્વારા આકરા નિયંત્રણો મુકાયા છે. લગ્ન સહિત તમામ જાહેર મેળાવડાઓમાં ૧૫૦થી વધુ વ્યક્તિઓને સામેલ કરી શકાશે નહિ.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના નાગરીકોના વ્યાપક આરોગ્ય હિતમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

**નિયંત્રણો ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૨ થી અમલમાં આવશે અને અને તારીખ ૨૨ મી જાન્યુઆરી ૨૦૨૨ના સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી અમલમાં અમલમાં રહેશે**

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર તારીખ ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૨ થી અમલમાં આવશે અને અને તારીખ ૨૨ મી જાન્યુઆરી ૨૦૨૨ના સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી અમલમાં અમલમાં રહેશે.

કોર કમિટીમાં લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ,ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે. બંધ સ્થળોએ યોજાતા આવા સમારોહમાં જગ્યાની ક્ષમતા ના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની સંખ્યામાં યોજી શકાશે.

જ્યારે રાજ્યમાં લગ્ન સમારોહ માટે ખુલ્લી જગ્યામાં ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં યોજી શકાશે. આવા લગ્ન સમારોહ બંધ જગ્યાએ યોજાય ત્યારે જગ્યાની ક્ષમતાના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં યોજવાના રહેશે. રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે જારી કરવામાં આવેલી ગૃહ વિભાગની માર્ગદર્શિકા ની અન્ય બાબતો આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ ના સવારે ૦૬:૦૦ સુધી અમલમાં રહેશે.

### આજથી અમલી બનતા નિયંત્રણો...

(૧) **સમગ્ર રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, શામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો**
ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે.

(૨) **લગ્ન પ્રસંગ**
ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતામાં ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે. લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે.

# શહેરમાં કોરોનાના ૧૩૫ નવા કેસ

**૨૩ને ડિસ્ચાર્જ અપાયુ : શહેરમાં ૩ થી ૧૦ વર્ષના ૩ બાળકો; ૩૭ મહિલા, ૧૦ થી ૨૦ વર્ષના ૨૧ દર્દી મળ્યા : વાવોલ, સરગાસણ, કુડાસણ, પેથાપુર, રાંદેસણ, રાયસણ, પાલજ હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યા; સે. ૨૧માં ૭, સે. ૨૫ માં ૬, સે. ૨૬, ૨, ૨૨ માં ૪-૪ કેસ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે કોરનાના નવા ૧૩૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૮૨ થઈ છે.

શહેરમાં સતત વધી રહેલા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. વધતા જતા કેસોને પગલે તંત્રએ પણ હવે આ દર્દીઓની મુલાકાત લઈ તેમનું અસરકારક મોનીટરીંગ થાય તે માટે અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. જે વિસ્તારોમાંથી વધુ કેસો મળી રહ્યા છે ત્યાં ધન્વન્તરી રથના ભ્રમણ પર વધુ ભાર મુકી કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે આગળ વધવાનો અભિગમ પણ તંત્રએ અપનાવ્યો છે.

બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ કુડાસણ, સરગાસણ, વાવોલમાંથી પણ કેસો મળી રહ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૭૦ જેટલા કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને સેક્ટરોમાંથી ૬૫ જેટલા કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩૭ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલ કેસમાં ૩ વર્ષનું બાળક રાંદેસણમાં તો સાત વર્ષનું બાળક કુડાસણમાં અને ૧૦ વર્ષની દિકરી સે. ૧ માં સંક્રમિત થયેલી મળતાં તંત્રની ચિંતા વધી છે. તો ૧૦ થી ૨૦ વર્ષની આયુ ધરાવતા ૨૧ દર્દી મળી આવ્યા છે. ૮ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા મળી આવ્યા છે. મહિલા દર્દી, બાળ દર્દી અને વયસ્કો મળતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરના આર્થિક કારોબારનું હૃદય ગણાતા સે. ૨૧માંથી આજે ૭ કેસ મળ્યા છે. સે. ૨૫ માંથી ૬, સે. ૨૬ માંથી ૪, સે. ૨ માંથી ૪, સે. ૪ માંથી ૩, સે. ૮ માંથી ૩, સે. ૨૭ માંથી ૩, સે. ૫ અને ૨૩ માંથી ૩-૩, સે. ૨૨માંથી ૪ કેસ મળવા ઉપરાંત સે. ૧૯, ૩૦, ૩-એ-ન્યુ, ૨૪ માંથી પણ કેસ મળેલ છે. ઈન્ફોસીટીમાંથી ૨ અને જીઈબીમાંથી એક કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ કુડાસણમાંથી ૧૫, સરગાસણમાંથી ૧૬, રાંદેસણમાંથી ૮, વાવોલમાંથી ૧૦, પેથાપુરમાંથી ૭, ઈન્દ્રોડામાંથી ૩, રાયસણમાંથી ૬, પાલજમાંથી ૫, કોલવડામાંથી ૨, ખોરજમાંથી ૨, કોબામાંથી ૨ ઉપરાંત બોરીજ, ઝુંડાલ, સુઘડ, અંબાપુરમાંથી કેસો મળી આવતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ પણ વધી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં હોય આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા માટે કડક તાકીદ કરી છે.

શહેરમાં આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે છેલ્લા એક સપ્તાહમાં જ ૭૦ જેટલા દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૬૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૨૭૫ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ૪૭ નવા કેસ

**૧૨ને ડિસ્ચાર્જ અપાયુ : દહેગામમાં ૫, કલોલમાં ૧૩, ગાંધીનગરમાં ૨૧, માણસામાં ૮ કેસ, ૪ ને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા; ૭ વિદ્યાર્થી, ૧૩ કર્મયોગી અને ૧૫ મહિલા સંક્રમિત**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪૭ કેસ કોરોનાના નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૬ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર જણાતાં તંત્રની ચિંતા વધી છે. માણસા અને દહેગામમાં પણ જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્રએ અહિ ટેસ્ટીંગ અને સર્વેલન્સ વધારવાની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪૭ કેસમાં પાંચ કેસ દહેગામમાં, ગાંધીનગરમાં ૨૧, કલોલમાં ૧૩ અને માણસામાં ૮ કેસનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ વિદ્યાર્થી, ૧૩ કર્મયોગી અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે અન્ય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાં પાંચ કેસ નોંધાયા છે જેમાં ત્રણ મહિલા દર્દી છે. દહેગામ અર્બનમાં ૩ કેસ તેમજ બબલપુરા ગામમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાં આજે ૮ કેસ નોંધાયા છે. માણસા અર્બનમાં ૪ કેસ નોંધાયા છે. જે પૈકી ૮૦ વર્ષના એક વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકાના ચરાડા, પુંધરા, આમજા અને સોજા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૨૧ કેસ નોંધાયા છે. સીઆરપીએફ કેમ્પ લેકાવાડામાં ૩ અને બીએસએફ આલમપુરમાં વધુ ત્રણ કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

**વેક્સિનેશન અને કોરોના ગાઈડલાઈન્સના અમલીકરણ માટે**

### ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વોરિયર્સની ટીમોની રચના કરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને નાથવા તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે દરેક ગામોએ કોરોના વોરિયર્સની એક ટીમ રચવાનો નિર્ણય જિલ્લા પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે.

આ વોરિયર્સની ટીમનું નેતૃત્વ ગામના સરપંચ કરશે. આ ઉપરાંત તલાટી, પ્રા. શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકર, ગામના પ્રતિષ્ઠીત નાગરિકો, વીસીઈનો સમાવેશ કરાશે. આ ટીમમાં ૧૦ સભ્યો રાખવામાં આવશે.

આ ટીમની કામગીરીનું સંકલન તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારી કરશે.

મળતી વિગતો પ્રમાણે હાલ ઉવારસદ પ્રા.આ. કેન્દ્રના વિસ્તારના ગામોમાં આ પાયલોટ પ્રોજેક્ટ રહેશે અને પછી બધા જ ગામોમાં તે અમલી બનશે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ થી ૧૮ વર્ષના યુવાનોમાં ૧૦૦ ટકા રસીકરણ તેમજ કોવિડ-૧૯ના દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની યાદી બનાવવા ઉપરાંત કોરોના ગાઈડલાઈન્સના અમલીકરણ પર આ ટીમ કામ કરશે.

જિલ્લાના જાખોરા ગામના ક્વોરોન્ટાઈન સેન્ટરની મુલાકાતે આવેલા વિકાસ કમિશનર સુશ્રી સોનલ મિશ્રાએ આ અંગે સૂચન કર્યુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં શીતલહેરના પગલે ઠંડી વધુ આકરી બની : લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી

**મહત્તમ તાપમાનમાં ૧.૫ ડીગ્રીની ગિરાવટના લીધે દિવસે પણ ઠંડીની અસર : વહેલી સવારથી જ સુસવાટા મારતા પવનથી શહેરમાં કાતિલ કોલ્ડવેવથી જનજીવન પ્રભાવિત : છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં છે. જયારે સતત બે દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૭ ડીગ્રી રહ્યા બાદ આજે ઠંડીમાં આંશિક ઘટાડો થયો હતો જો કે વહેલી સવારથી જ સુસવાટા મારતા ઠંડા પવનના લીધે નગરજનોએ ઠંડીની આકરી અસર અનુભવી હતી. દિવસનુ તાપમાન પણ ૧.૫ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. આકરી ઠંડીના લીધે શહેરનુ જનજીવન વિશેષ પ્રભાવિત છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ઠંડીએ પણ ઉગ્ર મિજાજ દાખવતા નગરજનો ઘરમાં જ સલામતી અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે ઠંડીનો પારો માત્ર એક ડીગ્રી ઘટયો હતો. ગઈકાલની સાપેક્ષણાં લઘુત્તમ તાપમાન ૧.૨ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. અલબત્ત ઠંડી ઘટી હતી પરંતુ સવારે આકરી શીતલહેરના લીધે નગરજનોએ કાતિલ કોલ્ડવેવનો સામનો કરવો પડયો હતો. જયારે દિવસનુ તાપમાન પણ ૧.૫ ડીગ્રી ઘટયુ હતુ જેના લીધે દિવસે પણ નગરજનોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. વહેલી સવારે કાતિલ શીતલહેરના લીધે સેકટરોમાં મોડે સુધી સન્નાટો છવાયેલો રહ્યો હતો. ઠંડીથી બચવા માટે નગરજનોએ મોર્નિંગ વોક કરવાનુ પણ ટાળ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં છે. અગાઉ બે દિવસ સુધી લઘુત્તમ તાપમાન સતત ૭ ડીગ્રીએ રહેતા ગાંધીનગર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ હતુ જયારે હજુ પણ ઠંડીનુ જોર વિશેષ ઘટયુ નથી પરંતુ લઘુત્તમ તાપમાનમાં નજીવા ફેરફાર સાથે નગરજનો સુસવાટા મારતા પવનના લીધે આકરી ઠંડી અનુભવી રહ્યા છે. લઘુત્તમ તાપમાનમાં ગિરાવટ નોંધાયા છતા ઠંડીનુ જોર યથાવત છે. છેલ્લા ચાર દિવસથી આકરી ઠંડીએ નગરને બાનમાં લીધુ છે. જેના લીધે રાત્રિના સમયે કરફયુ સમય પુર્વે જ શહેરમાં કરફયુ લાગી ગયો હોય તેવી સ્થિતિ સર્જાય છે. સેકટરોની શેરીઓમાં પણ એકલ દોકલ નાગરિકોની



અવરજવર માંડ જોવા મળે છે. સતત ઠંડીનુ જોર યથાવત રહેતા જનજીવન વિશેષ રીતે પ્રભાવિત છે. ગત મહીના દરમિયાન ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ જયારે ઠંડીનો પારો પણ ૬.૫ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો. છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી ત્યાર બાદ ધીમે ધીમે ઠંડીનુ જોર ઘટતા આખરે લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રીને પાર થઈ ગયુ હતુ જયારે ચાર દિવસ અગાઉ

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટને અનુલક્ષી હાથ ધરાયેલા કામો મહીનાના અંત સુધીમાં પુર્ણ કરાશે

**વાઇબ્રન્ટ બંધ રહેતા હવે ઉતાવળથી નહી પરંતુ ગુણવત્તા જળવાય તેવા અભિગમ સાથે કામ કરાશે..!!**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હાથ ધરાયેલા માર્ગ સુધારણા અને ફુટપાથ રીપેરીંગ સહીતના કામો હાલ ટલ્લે ચઢયા છે. આ કામગીરીમાં ઉતાવળ ન થાય તેમ જ પુરતી ગુણવત્તા સાથે જળવાય તે માટે પણ વિભાગમાં ઉચ્ચ કક્ષાએથી તંત્રના અધિકારીઓને સુચના આપવામાં આવી છે. શહેરમાં વિવિધ માર્ગોની સુધારણા સહીત ફુટપાથ રીપેરીંગનુ બાકી કામ પણ આગામી ઉતરાયણ બાદ હાથ ધરાશે જયારે મહીનાના અંત સુધીમાં કામગીરી પુર્ણ થઈ જાય તે મુજબ આયોજન કરાયુ છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટની ઉજવણી બંધ રહ્યા બાદ માર્ગોની સુધારણા તેમજ બ્યુટિફીકેશનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. જો કે વાઈબ્રન્ટ વેળાએ ઘડીયા લગ્ન લીધા હોય તેમ તંત્ર યુધ્ધના ધોરણે કામે લાગ્યુ હતુ પરંતુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવાનો નિર્ણય લેવાતા વહીવટી તંત્રના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આ સ્થિતિ વચ્ચે વાઈબ્રન્ટને અનુલક્ષી શહેરમાં હાથ ધરાયેલી માર્ગ સુધારણા અને બ્યુટિફિકેશનની કામગીરી પણ હાલ ઠપ્પ થઈ ગઈ છે. વાઈબ્રન્ટને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો તેમજ આસપાસ સ્થિત ફુટપાથના કર્બિંગને કલર તેમજ રીપેરીંગ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે વાઈબ્રન્ટ બંધ રહેતા તંત્રએ પણ કામ ધીમી ગતિએ થાય તેવો આગ્રહ રાખ્યો છે. શહેરના મુખ્ય ચ માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ અધુરી છે. ચ-૫ થી ચ-૭ વચ્ચેના રૂટમાં કામ બાકી છે. આ ઉપરાંત ઘ માર્ગ પર અન્ડર પાસ બાદ ના રસ્તાનુ કામ બાકી છે. માર્ગ રીસરફેસીંગની કામગીરી માટે અમદાવાદથી મશીનરી આવી હતી જયારે હાલ મશીનરી પણ ઉપલબ્ધ નથી જેના લીધે ચ માર્ગનુ કામ અટવાયુ છે. જયારે ખ માર્ગ પર પણ કેટલાક ભાગમાં માર્ગ સુધારણાની કામગીરી કરવાની છે. આ ઉપરાંત માર્ગોના રીસરફેસીંગની સાથે કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા માટે પણ કામ હાથ ધરવામાં આવશે. શહેરમાં લાંબા સમયથી તુટેલી ફુટપાથ પણ રીપેર કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી પરંતુ હાલ આ કામ બંધ છે. ફુટપાથની સુધારણા માટે રોડ નં -૫ સુધી કામ થયુ છે. જયારે અન્ય ઠેકાણે હજુ

● અનુસંધાન પાન-૭ પર

### ટેલિફોનિક બેસણું - શ્રદ્ધાંજલિ



અમારા આત્મીય સ્વજન / પિતાશ્રી સ્વ. **હીરાલાલ ભવાનભાઈ વરિયા (એચ. બી. વરિયા)** તા. ૮/૧/૨૦૨૨ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. **સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા. ૧૩/૧/૨૦૨૨, ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦** કલાક દરમિયાન રાખેલ છે. ઈશ્વર એમના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ.

**દિવ્યાબહેન એચ. વરિયા (ધર્મપત્ની) - મો. ૯૯૭૯૮ ૬૩૧૫૩**
**દુર્ગેશ એચ. વરિયા (પુત્ર) - મો. ૮૫૧૧૧ ૦૬૧૩૫**
**કાજલ દુર્ગેશ વરિયા (પુત્રવધૂ) - મો. ૯૯૭૮૮ ૭૩૪૮૪**
**ઓમકાર દુર્ગેશ વરિયા (પૌત્ર)**
**(વોટ્સએપ મેસેજથી સંપર્ક : ૮૫૧૧૦૬૧૩૫**
**(નિવાસ : ૬૦૮, એકતા કોલોની, સેક્ટર-૨૭, ગાંધીનગર**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com